# મોડાસામાં ખાખી વર્દી ચોર-લૂંટારૂ ગેંગ સામે લાચાર

## ૭૨ કલાકમાં ૬ સ્થળે લૂંટ : બુટ-ચપ્પલના ગોડાઉનમા લૂંટના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ







મોડાસા, તા. ૧૨

મોડાસા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી હોય તેમ વારંવાર ચોરી-લૂંટ, ચેન સ્નેચિંગ, બાઈક ચોરીના બનાવો બની રહ્યા છે. મોડાસા શહેરમાં તસ્કર ટોળકી ખાખી વર્દીને ચેલેન્જ આપી રહી હોય તેમ ૭૨ કલાકના સમયગાળામાં ૫ થી વધુ દુકાનો અને બે બંધ મકાનમાં ધાડ પાડી લૂંટ ચલાવી રફુચક્કર થતા પોલીસતંત્ર નિસહાય હાલતમાં હોય તેવી સ્થિતિ પ્રવર્તતા નગરજનોમાં ભય વ્યાપ્યો છે.

મોડાસા હંગામી બસસ્ટેન્ડ નજીક બુટ-ચપ્પલના ગોડાઉનમાં તસ્કરો ત્રાટકી બુટ-ચપ્પલ અને રોકડ રકમ મળી અંદાજે ૫૦ હજારની લૂંટ કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના ગોડાઉનમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. રવિવારે રાત્રે મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકી નજીક મોબાઈલ શોપમાં, હજીરા વિસ્તારની ૪ થી વધુ દુકાનોમાં તસ્કરો ત્રાટક્યા હતા અને ચોરી કરી ગયા હતા. મોડાસા ડીવાયએસપી કચેરીમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીના કુમકુમ સોસાયટીમાં પણ બંધ મકાનમાં તસ્કરો ત્રાટકી સોના-ચાંદીના દાગીના અને ૧૫ હાજર રોકડ રકમ મળી અંદાજે ૨ લાખથી વધુ મત્તાની લૂંટ ચલાવી હવામાં ઓગળી જતા. પોલીસના ઘર જ સલામત નથી ત્યારે પ્રજાની સુરક્ષા સામે ઉઠેલા સવાલોનો વારંવાર જીલ્લા પોલીસવડા મયુર પાટીલ બદલીઓનો ગંજીફો ચીપતા હોવા છતાં કોઈ જવાબ નથી.

મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી દુકાનોમાં પાછળના ભાગેથી દીવાલમાં બાકોરું પાડી અને બંધ મકાનના નકુચા તોડી લૂંટ ચલાવતી તસ્કર ટોળકીના તરખળાટથી પ્રજાજનો અસલામતી અનુભવી રહ્યા છે. સઘન પેટ્રોલિંગના દાવા પોકળ સાબિત થતા નગરજનો રાત્રી ઉજાગરા કરવા મજબુર બન્યા છે.

# ખેરોજમાં વીજ કંપનીના જુનિયર એન્જીનીયર ૪૮૦૦ની લાંચ લેતા પકડાયા

## વેપારીને દુકાનનું કનેક્શન આપવા લાંચ માંગી હતી

હિંમતનગર, તા. ૧૨

પોશીના તાલુકાના ખેરોજ ખાતે આવેલ યુજીવીસીએલ કચેરીમાં ફરજ બજાવતા એક જુનીયર એન્જીનીયરે દુકાનનું કનેક્શન આપવા માટે રૂ. ૪૮૦૦ની માંગણી કરતા આ દુકાનદારે જુનીયર એન્જીનીયરને પાઠ ભણાવવાના આશયથી ગાંધીનગર અને અરવલ્લી એસીબીને જાણ કરી છટકુ ગોઠવ્યા બાદ એસીબીએ જુનીયર એન્જીનીયરને શુક્રવારે લાંચ લેતા રંગેહાથ ઝડપી લીધા હતા.

આ અંગે એસીબીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ખેરોજ યુજીવીસીએલની કચેરીમાં જુનીયર એન્જીનીયર તરીકે ફરજ બજાવતા પ્રભાતસિંહ દેવીસિંહ બ્રાહ્મણે તાજેતરમાં ખેરોજમાં રહેતા એક વેપારીને તેની દુકાનમાં વીજ કનેક્શન લેવા માટે વેપારીએ જરૂરી કાગળો આપ્યા બાદ જુનીયર એન્જીનીયરે કનેક્શન લેવું હોય તો રૂ. ૪૮૦૦ લાંચ પેટે આપવા પડશે તેમ કહેતા આ વેપારીએ આ જુનીયર એન્જીનીયરને લાંચના છટકામાં પકડાવી દેવા માટે ગાંધીનગર એસીબીના એ.કે. પરમાર તથા સાબરકાંઠા એસીબીના પીઆઈ સી.ડી. વણઝારાને જાણ કરી હતી.

ત્યારબાદ એસીબીના સ્ટાફે લાંચનું છટકુ ગોઠવી ખેરોજ યુજીવીસીએલ કચેરીમાં ફરજ બજાવતા જુનીયર એન્જીનીયર પ્રભાતસિંહ પાસે વેપારીને લાંચની રકમ લઈને મોકલ્યો હતો. દરમ્યાન લાંચના રૂ. ૪૮૦૦ સ્વીકારતા એસીબીના સ્ટાફે જુનીયર એન્જીનીરને રંગેહાથ ઝડપી લીધા હતા અને તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મેઘરજના વૈયા ગામમાં રાષ્ટ્રીયપક્ષી ૫ મોર ૨ ઢેલના ટપોટપ મોતથી ચકચાર



૨ ઢેલ સારવાર હેઠળ

મેઘરજ, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના વૈયા ગામેથી રાષ્ટ્રીય પક્ષી મોર ૫ અને ૨ ઢેલના મૃતદેહ મળી આવતા અને ૨ ઢેલ બીમાર હાલતમાં મળી આવતા ચકચાર મચી ગઈ છે. મેઘરજ વનવિભાગ તંત્રને જાણ કરાતા તાબડતોડ આરએફઓ રાઠોડ અને તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી મોર તેમજ અન્ય પક્ષીઓના મૃતદેહોને પીએમ માટે મોકલી દેવાયા છે. ત્યારે મોત કયા કારણોસર થઈ રહ્યા છે તે અંગે રિપોર્ટ આવ્યા બાદ બહાર આવી શકે છે. બીજી બાજુ ખેતરમાં ઝેરી ચણ ચણાવાથી ઝેરી અસરના પગલે મોર ટપોટપ મોતને ભેટ્યા હોવાની ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની હતી.

મેઘરજના જંગલો અને ખેતરોની ખુલ્લી જમીન તેમજ આજુબાજુના વિસ્તારમાં મોટી સંખ્યામાં મોર અને પક્ષીઓ વસવાટ કરે છે. રાષ્ટ્રીય પક્ષી ગણાતા મોરના એક પછી એક સાથે અન્ય પક્ષીઓના મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. મોરના મોતની માહિતી મળતા જ વન વિભાગ પણ વૈયા ગામે આવી પહોચ્યું હતું સ્થળ પરથી ૫ મોર, ૨ ઢેલના મૃતદેહ મળી આવ્યા હતા. ૨ ઢેલ બીમાર હાલતમાં મળી આવી હતી વન વિભાગની ટિમે સ્થળ તપાસ આદરી હતી. હાલમાં તો વન વિભાગે મૃતદેહના નમૂના લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી યોગ્ય કારણ જાણવા તજવીજ શરૂ કરાઇ છે. મોરના મૃતદેહના પીએમ રિપોર્ટ આવ્યા બાદ ચોક્કસ કારણ બહાર આવી શકે છે. રાષ્ટ્રીય પક્ષીના મોતની ઘટના બહાર આવતા હવે વન વિભાગ પણ ગંભીરતા દાખવી વાઈલ્ડલાઈફ એક્ટ ૧૯૭૨ મુજબ વધુ તપાસ આદરી હતી.

મેઘરજ વન વિભાગ આર.એફ.ઓ. અજયસિંહ રાઠોડના જણાવ્યા અનુસાર વૈયા ગામની સીમમાં ખેતર નજીકથી પાંચ મોર, ૨ ઢેલના મૃતદેહ મળી આવ્યા હતા. મૃતદેહને પી.એમ માટે મેઘરજ પશુ દવાખાનામાં ખસેડાયા છે. ૨ ઢેલ બીમાર જણાતા સઘન સારવાર આપવામાં આવી રહી હોવાનું જણાવ્યું હતું. મોરના મોત અંગે પ્રાથમિક કારણ તરીકે ફૂડ પોઈઝનિંગ જવાબદાર હોવાનું જણાવ્યું હતું અને કોઈ કસુવાર જણાશે તો વાઈલ્ડ લાઈફ અકેટ ૧૯૭૨ની રૂએ આગળની કાર્યવાહી કરવામાં આવશેનું જણાવ્યું હતું.

# ડીસામાં જાહેર માર્ગ પર બિનઅધિકૃત બાંધકામ સામે તંત્રને રજુઆત



ડીસા, તા. ૧૨

ડીસાની કુમારપાળ સોસાયટી પાછળ આવેલ જાહેર રોડ ઉપર બથામણિયો કબ્જો કરી બેઠેલો શખ્સ પાકું બાંધકામ કરવા લાગતા અકળાયેલા રહીશો પાલિકા કચેરીએ દોડી આવ્યા હતા અને માથાભારે શખ્સ દબાણોમાં પાકું બાંધકામ કરી વેચીને રોકડી કરતો હોવાનો આક્ષેપ કરી સત્વરે આ દબાણો હટાવી ડામરનો પાકો રોડ બનાવવા ચિફ ઓફિસર સમક્ષ ઉગ્ર રજુઆતો કરી હતી.

શહેરની કુમારપાળ સોસાયટી પાછળ આવેલ સર્વે ન.૧૦૬ માં ૧૦૦ ફૂટનો જાહેર રસ્તો આવેલ છે જે રસ્તાનો કુમારપાળ, નવજીવન, સ્નેહકુંજ, સમર્પણ, પીપાજીનગર, ગુલબાણી નગર, પુણ્યનગરી જેવી સોસાયટીના રહીશો આવન જાવન માટે ઉપયોગ કરે છે પરંતુ રહીશોને જણાવ્યાં મુજબ એક શખ્સ જાહેર રોડ ઉપર દબાણ કરી પ્રથમ નાની ઓરડી બનાવે છે અને પછી પાકું બાંધકામ કરી વેચી નાખે છે. અગાઉ તેણે ૨૦૦૦ ફૂટ મોટું ગોડાઉન બનાવ્યું હતું જ્યાં હાલ ગેરકાયદેસર રીતે પ્લાસ્ટર ઓફ પેરિસમાંથી રમકડાં અને મૂર્તિઓ બને છે જેનાથી પ્રદુષણ થાય છે જે બાબતે રહીશોએ નગર પાલિકામાં રજુઆત કરી હતી તેમછતાં પાલિકા દ્વારા તેને પાણીનું કનેકશન અને વીજકંપની દ્વારા વીજ કનેક્શન પણ આપી દેવામાં આવ્યું હતું. તેથી મોકળું મેદાન મળેલું જોઈ તે હાલમાં કુમારપાળ સોસાયટીના પાછળના ગેટ આગળ આવું જ બાંધકામ કરવા લાગ્યો છે. તેથી અકળાયેલા રહીશોએ ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત કરી જણાવ્યુ હતુ કે જાહેર રોડ ઉપર દબાણો એટલા વધી ગયા છે કે લોકોને ગટરની બાજુમાં થઈને ચાલવા મજબૂર થવું પડે છે તેથી આ દબાણો હટાવી ડામરનો પાકો રોડ બનાવવાની માંગ કરી હતી.

## ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયત મહિલા સરપંચે

# સામાન્ય સભા દરમ્યાન ગ્રામ પંચાયત સભ્યની ફેંટ પકડતાં મામલો ગરમાયો

ભિલોડા,તા.૧૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધંબોલીયા ગામની ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયતના મહિલા સરપંચએ સામાન્ય સભા દરમ્યાન એકાએક આવેશમાં આવી ગ્રામ પંચાયત સભ્યની ફેંટ પકડતાં મામલો ગરમાયો હતો.ગ્રામ પંચાયતનો વહીવટ મહિલા રાજમાં એક તરફ કથળેલો હોઈ ત્યારે મહિલા સરપંચના પતી વહીવટ ચલાવતા હોય છે ત્યારે વ્યાપક ભ્રષ્ટાચાર આદર્યો હોવાની બુમરાણ લોકમુખે સંભળાય છે.મહિલા સરપંચના પતી લુખ્ખી દાદાગીરીથી વહીવટ ચલાવતા હોય તેવો સુર જાગૃત ગ્રામજનો અને સભ્યોએ વ્યક્ત કર્યો હતો.શામળાજી પોલીસ સ્ટેશનમાં ગ્રામ પંચાયતના સભ્યએ ફરીયાદ નોંધાવતાં પોલીસએ મહિલા સરપંચ અને તેમના વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી પોલીસએ હાથ ધરી છે.

શામળાજી પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયત સભ્ય હિતેશભાઈ સુરજીભાઈ નિનામાએ અગાઉ ધંબોલીયા ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ ઈન્દુબેન શશીકાંતભાઈ બોદર વિરૂધ્ધ ગ્રામ પંચાયતના બજેટ અવલોકન અંગે કરેલા ખોટા ઠરાવ બાબતે તેમજ ૧૪માં નાણાંપંચના વિકાસલક્ષી વિવિધ કામોના એક તરફી નિયમ વિરૂધ્ધ ઠરાવોને અનુલક્ષીને તાલુકા વિકાસ અધિકારી,જીલ્લા વિકાસ અધિકારીને લેખિત જાણ કરેલ હોઈ ત્યારે ગ્રામ પંચાયતમાં મળેલ સામાન્ય સભામાં પંચાયત સભ્ય હિતેશભાઈ સહિત અન્ય સભ્યોએ નાણાંકીય લેવડ-દેવડ બાબતના સહીના નમુના બાબતે જ્યાં સુધી બજેટ કાયદેસર રીતે મંજુર ન થાય ત્યાં સુધી નાણાંકીય લેવડદેવડ થઈ શકે નહીં તેવો લેખિત વિરોધ દર્શાવતા મહિલા સરપંચ ઈન્દુબેન શશીકાંતભાઈ બોદર એકાએક ઉગ્ર આવેશમાં આવી ઉશ્કેરાઈ જતાં સભ્ય હિતેશભાઈની ફેંટ પકડી શર્ટનું બટન તોડી નાખી તુ કેમ અમારી વિરૂધ્ધ અરજી કરે છે તેમ કહી બિભત્સ અપશબ્દો બોલતા હતા તે અરસામાં મહિલા સરપંચના પતી શશીકાંતભાઈ અમૃતભાઈ બોદરએ સામાન્ય સભા દરમ્યાન ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં મામલો ગરમાયો હતો.ગ્રામ પંચાયત સભ્ય હિતેશભાઈ સુરજીભાઈ નિનામાએ શામળાજી પોલીસ સ્ટેશનમાં આ બનાવ સંદર્ભે ફરીયાદ નોંધાવતાં પોલીસએ મહિલા સરપંચ અને તેના પતી વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બાયડના લાંક ગામના યુવક સી.આઈ.એસ.એફ. આસામ ખાતે ફરજ બજાવતો જવાન શહીદ



બાયડ, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના લાંક (ભરવાડના મુવાડા)ના સી.આઈ.એસ.એફ. આસામ ખાતે ફરજ બજાવતા ભગવાનભાઈ લાખાભાઈ ભરવાડનું કોલકત્તા હોસ્પિટલમાં માંદગી સામે જંગ હારી જતા મોત નિપજતા તેમના પરિવારજનો અને જીલ્લામાં ભારે ગમગીની છવાઈ હતી. શહીદ જવાનના પાર્થિવ દેહને માદરે વતન ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. જેમાં બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. સમાજના અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા. પરિવારજનો અને પુત્રએ શહીદ જવાન પિતાને આપેલ ભાવુક વિદાયથી લોકોની આંખોમાંથી અશ્રુની ધરા વહી હતી.

બાયડના લાંક (ભરવાડના મુવાડા) ગામના ભગવાનભાઈ લાખાભાઈ ભરવાડ (ઉં.વર્ષ-૩૭) ૧૭ વર્ષથી વધુના સમયથી દેશના વિવિધ સ્થળોએ મા ભોમની રક્ષા કરી ઋણ અદા કરી રહ્યા હતા. આસામ ખાતે ફરજ દરમિયાન પેન્ક્રીયાઝ અને કમળાની બીમારીમાં સપડાતા કોલકાત્તા આર્મી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ફરજ પરના તબીબોએ સઘન સારવાર આપવા છતાં જિંદગી સામેનો જંગ હારી જતા બુધવારે હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લેતા શહીદ થયા હતા. આ ઘટનાની જાણ પરિવારજનોને કરતા તાબડતોડ કોલકાત્તા પહોંચી શહીદ જવાનના નશ્વરદેહને લેવા પહોંચ્યા હતા. શુક્રવારે શહીદ જવાનના પાર્થિવદેહને માદરે વતન લાવી અંતિમવિદાય આપવામાં આવી હતી. સીઆઈએસએફની ટીમે શહીદ જવાનને ગાર્ડ ઓફ ઓનર સન્માન આપવામાં આવ્યું હતું. ફોજી જવાનના મોતથી સમગ્ર જીલ્લામાં શોકની લાગણી ફેલાઈ હતી.

# ધાનેરા માં તસ્કરો ફરીથી સક્રિય બન્યા : પાંચ દુકાનોનાં પતરાં તોડી તોડફોડ કરતાં ચકચાર





ધાનેરામાં તસ્કરો ફરીથી સક્રિય બન્યા છે અને હાઈવે ઉપર આવેલી પાંચ દુકાનોનાં પતરાં તોડી અંદર તોડફોડ કરતાં ચકચાર મચી જવા પામી છે.

ધાનેરા નેનાવા હાઈવે પર આવેલ રાજમંદિર પ્લાઝા ની બાજુની પાંચથી વધુ દુકાનોના ઉપરથી કોઈ અજાણ્યા ઈસમોએ પત્ર તોડી દુકાનમાં પ્રવેશ્યા હતા અને દુકાનમાં કોઈ વસ્તુ ના લાગતા તોડફોડ કરી ચાલતા થયા હતા જ્યારે સવારે દુકાન માલિકોએ આવી જોયું તો તોડફોડ પહેલી નજરે પડી હતી દુકાન માલિક દ્વારા આ બાબતે ધાનેરા પોલીસને લેખિતમાં રજૂઆત પણ કરાઇ છે અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે તો બીજી તરફ થોડા દિવસ પહેલા પણ આ દુકાનો ના પત્ર તૂટ્યા હતા અને ચોરીઓ થઈ હતી તે બાદ આજે ફરીથી આ ઘટના બનતા દુકાનદારો ભાઈ બન્યા છે અને સાથે સાથે માંગ કરી રહ્યા છે કે પોલીસ આવા તસ્કરો સામે તાત્કાલિક અને કાયદેસરની કાર્યવાહી કરે આવનારા સમયમાં ગરીબ વેપારીઓને નુકસાન વેઠવાનો વારો ના આવે.

# પાલનપુરના હુસેનીચોકમાં જુગાર રમતા બે જુગારીયા ઝડપાયા

પાલનપુર

પાલનપુર શહેરના હુસેની ચોકમાં જાહેરમાં ચાલતા જુગારધામ પર પોલીસે રેડ કરી હતી. જેમાં વરલી મટકાનો જુગાર રમતા અને રમાડતા બે શખ્સો રંગે હાથ ઝડપાઈ ગયા હતા. આ બંને જુગારીયાઓ પાસેથી પોલીસ દ્વારા ત્રણ હજારની રોકડ રકમ કબ્જે લઈ વધુ તપાસ હાથ ધરાઈ છે.

પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકની હદ વિસ્તારમાં આવેલ છુવાળાફળી હુસેની ચોકમાં જાહેરમાં વરલી મટકાનો આંક ફરકનો જુગાર ચાલતો હોવાની બાતમીના આધારે પાલનપુર શહેર પૂર્વ પોલીસની ટીમે જુગારધામ પર ઓચિંતો છાપો માર્યો હતો. જેમાં અહીં આંક ફરકનો જુગાર રમતા અને રમાડતા ફિરોજખાન હૈદરખાન નાગોરી રહે. કંસારા શેરી પાલનપુર અને મજહરખાન મહંમદહનીફ નાગોરી રહે.હુસેનીચોક પાલનપુર વાળો પોલીસ ના હાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે બંને જુગારીયાઓની અટકાયત કરી તેમની પાસેથી રૂ.૩૩૦૧ રોકડ રકમ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરનું જનસેવા કેન્દ્ર બન્યું દુવિધા કેન્દ્ર



પાલનપુર

પાલનપુરના જનસેવા કેન્દ્ર આજે અરજદારો માટે દુવિધાકેન્દ્ર પુરવાર થયું હતું. આધારકાર્ડ માટે લાંબા સમયથી કતારમાં ઉભા રહેલા અરજદારો રઝળી પડતા તેઓએ ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

પાલનપુર જનસેવા કેન્દ્રમાં આધારકાર્ડ માટે અરજદારો રઝળી પડ્યા હતા.

સવારના આવેલા અરજદારો મોડે સુધી આધારકાર્ડની પ્રોસેસ ચાલુ ન થતા રોષે ભરાયા હતા.

વૃદ્ધ અરજદારો સવારના લાઈનમાં ઊભા રહ્યા હતા. જેઓને ટોકન પણ અપાયા હતા. પણ અંતે કમ્પ્યુટર ખરાબ થતાં આધાર કાર્ડની પ્રોસેસ ઠપ્પ થઈ જતા ભૂખ્યાને તરસ્યા લાઈનમાં ઉભા રહેલા લોકોએ તંત્ર સામે ફિટકારની લાગણી વરસાવી હતી.





## ધનસુરા ખાતે વિશ્વ વસ્તી પખવાડિયાની ઉજવણી કરાઈ

અરવલ્લી જીલ્લાના ધનસુરા ખાતે વિશ્વ વસ્તી પખવાડિયા ઉજવણી ના ભાગરૂપે ધનસુરા આર્ટસ કોમર્સ કોલેજ ખાતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલુકા આરોગ્ય અધિકારી, વિદ્યાર્થીઓ ,આરોગ્ય સ્ટાફ, કોલેજના પદાધિકારીઓ, જિલ્લા કક્ષાએથી માં. એપેડેમીક મેડીકલ ઓફિસર, આશાબહેનો સહુ ઉપસ્થિત રહ્યા હતા. ધનસુરા તાલુકા આરોગ્ય કચેરી દ્વારા આ ઉજવણી કરવામાં આવી હતી. ધનસુરા કોલેજ થી ધનસુરા તાલુકા આરોગ્ય કચેરી સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા આરોગ્ય અધિકારી યોગેશભાઈ ગોસ્વામી, ચિંતલબેન પટેલ અને આરોગ્ય કર્મચારીઓ પણ જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વાસણા ગોળીયા ગામે પ્રાંત અધિકારીના જન્મદિને વૃક્ષારોપણ અને યજ્ઞ યોજાયો





ડીસા, તા. ૧૧

ડીસાના પ્રાંત અધિકારી એચ.એન. પટેલના જન્મદિને ડીસા તાલુકાના વાસણા ગોળીયા ગામે યજ્ઞ અને વૃક્ષારોપણ કરી જન્મદિનની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં છ જેટલાં ગામના સરપંચો સહિત ગ્રામજનોએ ઉપસ્થિત રહી વધુમાં વધુ વૃક્ષો ઉછેરવા અને પાણીનો કરકસરયુક્ત વપરાશ કરવા માટે સંકલ્પ લીધો હતો.

પાણીયુકત ગુજરાત-પ્લાસ્ટિક મુક્ત ગુજરાતના સુત્રને સાર્થક કરવા ગામે ગામ પર્યાવરણ જાગૃતિનું કામ કરતા જગદીશભાઇ ચાવડાના અધ્યક્ષસ્થાને ડીસા તાલુકાના વાસણા ગોળીયા ગામે ડીસાના નાયબ કલેકટર એચ.એન. પટેલના જન્મ દિનની ઉજવણી યજ્ઞ અને વૃક્ષારોપણ દ્વારા કરવામાં આવી હતી. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો, આગેવાનો સહિત ગ્રામજનોએ વધુમાં વધુ વૃક્ષોનો ઉશેર કરી પાણીયુકત ગુજરાત-પ્લાસ્ટિક મુકત ગુજરાતના સુત્રને સાર્થક કરવા સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે ડીસાના પ્રાંત અધિકારી એચ.એન. પટેલ, પર્યાવરણ જાગૃતિના પ્રણેતા જગદીશભાઈ ચાવડા, વાસણા ગોળીયાના સરપંચ દયારામભાઈ સુંદેશા, વાસણા (જૂ.ડી)ના સરપંચ તથા ડે.સરપંચ સહિત છ જેટલા ગામોના સરપંચ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.